ગાંધીનગર સમાચાર
તા. ૬-૧-૨૦૧૨, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

'ભારત' અને 'ઇન્ડિયા' એકમેકમાં ભળી ગયાં છે ભાગવત સાહેબ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત 'ભારત' અને 'ઇન્ડિયા' ને જુદાં તારવવાનો પ્રયાસ કરે છે. તેઓ માને છે કે ગામડાંમાં વસતું 'ભારત' શહેરોમાં શ્વસતા 'ઇન્ડિયા' કરતાં વધારે 'પવિત્ર' અને 'સંસ્કારી' છે. ગામડાંમાં જીવતા ભારતમાં સામૂહિક બળાત્કાર જેવી ઘટનાઓ ઓછી બને છે, એવા એમના તારણ સાથે સહમત થઇ શકાય એમ નથી. સામંતશાઇ વિચારધારા ધરાવતા ગ્રામીણ ભારતના જમીનમાલિકો અને સવર્ણ વર્ગ દ્વારા દલિતો, આદિવાસીઓ અને પછાતવર્ગોની મહિલાઓ સાથે સૈકાઓથી દુરાચાર થતો આવ્યો છે. આવી બાબતો ક્યારેય પોલીસ ચોપડે ચડતી નથી, એ જુદી વાત છે. એ સાચું કે ગ્રામીણ માનસ પ્રમાણમાં વિશેષ રૂઢિચુસ્ત હોવાને કારણે એ પરંપરાને માન આપતું હોય છે. પરંતુ છેલ્લા વર્ષો દરમિયાન દુનિયા આખી એક 'ગ્લોબલ વિલેજ'માં ફેરવાઇ ગઇ છે. ભારત એમાં અપવાદ નથી. ભારતના ગામડા અડધા પડધાં શહેર બની ગયાં છે. દૂર અંતરિયાળ ગામડાંમાં રહીને પ્રગતિની તકો નહીં મળે એવી ધારણા બળવત્તર બનતી રહી છે. પરિણામે ગામડાં ખાલી થતાં જાય છે અને કસ્બાઓ શહેરોમાં ફેરવાઇ ગયા છે. ગામડાંમાં શહેરોની સુવિધાઓ પહોંચી ગઇ છે. ભાગ્યે જ કોઇ એવું ખોરડું મળી આવે જ્યાં ટીવી ન પહોંચ્યું હોય. સામાન્ય ખેતમજૂર કે સફાઇ કામદાર પણ મોબાઇલ રાખતો થયો છે. એટલે પશ્ચિમની સુવિધાઓએ ગામડાંને 'ભારત'નાં ગામડાં નથી રહેવા દીધાં - એમને 'ઇન્ડિયન વિલેજ' બનાવી મૂક્યા છે. આ 'ઇન્ડિયન વિલેજ' શહેરની મોટા ભાગની સુખસગવડો ધરાવે છે, એમ એ અનુષંગે આવનારાં દૂષણોથી પણ મુક્ત નથી. ભાગવત સાહેબ ગ્રામ્યજીવન અને ભારતીય સંસ્કૃતિને પુરસ્કારે છે, તે બરાબર છે, પરંતુ લાખ કોશિશ કરવા છતાં હવે ગામડાને ગામડા સ્વરૂપે જીવવું પસંદ નથી. એને રાતોરાત શહેર બની જવું છે. એને ગાડામાંથી ઊતરીને સીધું જ એરોપ્લેનમાં ઊડવું છે. એટલે પેલા પરંપરાગત સંસ્કારો - જેમાં એક સિવાયની તમામ નારી વસતિને મા-બહેન ગણી લેવાની ગળથૂથી પિવડાવવામાં આવતી, તે વાત હવે જૂની થઇ ગઇ છે અને ફક્ત શાસ્ત્રોમાં, આદર્શવાદી સંતો-કથાકારોમાં પ્રવચનો અને ગ્રંથોમાં જ સચવાઇ રહી છે. દિલ્હીના બહુચર્ચિત બળાત્કાર કાંડમાં સંડોવાયેલા ગુનેગારો ગ્રામીણ ગોત્રનાં છે, એ કોઇ ઉચ્ચ વર્ગના નબીરા નથી. એ જ રીતે દીકરી પર જુલમ ગુજારતો બાપ કે ભાઇ ભલે મહાનગરમાં રહેતા હશે પરંતુ એનામાં શહેરના નાગરિક સંસ્કારોનો સદંતર અભાવ છે. આપણી ઇકોનોમી ફૂદકે ને ભૂસકે નવાં નિશાન આંબી રહી છે એમ નૈતિક મૂલ્યો અને માણસાઇનાં સંસ્કાર રોજેરોજ તળિયે બેસી રહ્યાં છે. આપણા દેશમાં થાય છે એવી ઘૃણાસ્પદ ઘટનાઓ પશ્ચિમના દેશોમાં પ્રમાણમાં ઘણી જ ઓછી બને છે કારણ કે ત્યાં સેક્સ એ અત્યંત સામાન્ય મુદ્દો છે. એવી ઘટનાઓને કારણે ત્યાં આપણા દેશમાં થયો એવો ઊહાપોહ પણ નથી થતો, એ શું સૂચક નથી? પશ્ચિમની દુનિયા આપણા કરતાં ઘણી વધારે સંસ્કારી છે અને નૈતિક મૂલ્યોમાં માને છે, એટલું સ્વીકારવાની ઉદારતા આપણામાં હોવી ઘટે. ક્રાન્તદ્રષ્ટા સંત સ્વામી સચ્ચિદાનંદજી વારંવાર આ વાત તાર સ્વરે કરતા રહ્યાં છે, પરંતુ જુનવાણી દૃષ્ટિકોણ ધરાવતા આપણા પરંપરાગત સંસ્કારપુરૂષોને હજી ભારતીય સંસ્કૃતિના ભૂતકાળની ભુતાવળ છોડતી નથી. મૈથિલીશરણ ગુપ્તની જાણીતી પંક્તિઓ યાદ જ કરીએ :

હમ કૌન થે કયા હો ગએ હૈં
ઔર ક્યાં હોંગે અભી -
આઓ, વિચારેં આજ મિલ કર
યે સમસ્યાએં સભી...

કુલપતિને મળવા બાબતે મામલો બિચક્યો

ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ-ગાર્ડ વચ્ચે ઝપાઝપી

સેનેટના સભ્યોએ પોલીસ સ્ટેશનમાં પોતાના ઉપર હુમલો કરી જાનથી મારી નાંખવા ધમકી આપવાની ફરિયાદ કરી

અમદાવાદ, તા.૫

ગુજરાત યુનિવર્સીટીમાં શનિવારે બપોરે એક કલાકે યુનિવર્સીટીના સેનેટ સભ્ય અને કુલપતિમાં સિક્યુરીટી ગાર્ડસ વચ્ચે ઝપાઝપી થતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે સેનેટ સભ્યએ યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં પોતાના ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ફરીયાદ સિક્યુરીટી ઈન્ચાર્જ હુકમસિંહ વિરુદ્ધ ફરીયાદ નોંધાવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુજરાત યુનિવર્સીટીના સેનેટ સભ્ય પાર્થિવરાજ કઠવાડીયા છેલ્લા ત્રણ દિવસથી કોઈ પ્રશ્નની રજુઆત મુદ્દે કુલપતિને મળવા માંગતા હતા. જો કે વ્યસ્તતાનું કારણ રજુ કરી કુલપતિ ડો.આદેશપાલ તેમને મળવાનું ટાળી રહ્યા હતા. જેના વિરોધમાં સેનેટ સભ્ય પાર્થિવરાજે શુક્રવારે યુનિવર્સીટીના રજિસ્ટારને પત્ર લખી જણાવ્યું હતું કે, કુલપતિ પાસે વિદ્યાર્થીઓની રજુઆતો સાંભળવા માટે સમય નથી. અને જો આમનું આમ ચાલશે તો પોતે ભુખ હડતાલ કરશે. જે બાદ શનિવારે બપોરે એક કલાકે પાર્થિવરાજ પોતાના પત્રનો જવાબ માંગવા રજિસ્ટારની ઓફીસે પહોંચ્યા હતા. જ્યાં સિક્યુરીટી ગાર્ડે તેમને અટકાવી કુલપતિ તેમજ રજિસ્ટાર હાજર ન હોવાનું જણાવ્યું હતું. જો કે પાર્થિવરાજે કુલપતિને મળવાની જીદ પકડી રાખતા તેમની સિક્યુરીટી ગાર્ડ સાથે ઝપાઝપી થઈ હતી. જેને જોઈ યુનિવર્સીટી કેમ્પસમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ પણ અચંબામાં પડી ગયા હતા.

આ અંગે પાર્થિવ રાજે યુનિવર્સીટીના સિક્યુરીટી ઈન્ચાર્જ હુકમસિંહ અને કુલપતિના બાઉન્સરો વિરુદ્ધ યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. જેમાં એમને પોતાના ઉપર ૧૦ સિક્યુરીટી ગાર્ડ દ્વારા હુમલો કરવાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આરોપ લગાવ્યો છે. જેના સંદર્ભમાં યુનિવર્સીટી પોલીસે ફરીયાદ નોંધીને મામલાની વધુ તપાસ હાથ ધરી છે. જો કે શિક્ષણ સંસ્થાઓમાં પ્રતિનિધીઓ વચ્ચે લારી ગલ્લાએ થતી હોય તેમ ઝપાઝપી થતા વિદ્યાર્થીઓ પણ સરમમાં મુકાઈ ગયા છે.



તુ મને વિદેશના વીઝાની લાઈનમાં વારંવાર ઊભો રાખે છે, એટલે તને અહીં લાવ્યો છું. જો ગુજરાતમાં શું છે... અને શું થવાનું છે...!

નિયત સમય બાદ ટયુશન કલાસ બંધ રાખવા તંત્ર સમક્ષ રજૂઆત

સાંજે ૭ પછી ટયુશન કલાસ બંધ રાખવાની વાતનો અમલ થતો નથી

ગાંધીનગર, તા.૫

નિયત સમય દરમિયાન જ ટયુશન કલાસ ચાલુ રાખવા સરકાર કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ હજુ ગાંધીનગરમાં જ દિવા તળે અંધારું હોય તેવી સ્થિતિ છે. અલબત્ત સવારે ૭ પહેલા અને સાંજે ૭ પછી ટયુશન કલાસ બંધ રાખવાના મામલે જિલ્લા કક્ષાએથી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી. આ મામલે યોગ્ય ગતિવિધિઓ હાથ ધરવા પણ રજૂઆત કરવામાં આવી છે.

સ્ટુડન્ટસની સલામતીને ધ્યાને લઈ અગાઉ ટયુશન કલાસના સમયમાં ફેરફાર કરવા નિર્ણય લેવાયો હતો. જેમાં સરકાર કક્ષાએથી સવારે ૭ પહેલા તેમજ સાંજે સાત કલાક બાદ ટયુશન કલાસ નહીં ચલાવવા જણાવાયું છે.

ખાસ કરીને વિદ્યાર્થીવર્ગની સલામતીને ધ્યાને લઈ લેવાયેલા આ નિર્ણય સંદર્ભે ગાંધીનગરમાં હજુ કોઈ પગલા લેવાયા નથી. અલબત્ત આ મામલે કોઈ જાહેરનામું બહાર પાડયું નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જિલ્લા કલેકટરને રજૂઆત કરી છે જેમાં શહેરમાં ધમધમતા ટયુશન કલાસ નિયત સમય દરમિયાન જ ચાલે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ રજુઆતમાં જણાવાયું છે.

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા આજે કાર્યક્રમ

પૂ. રમેશભાઈ ઓઝા પ્રેરિત ગાંધીનગર વૈશ્વિક પરિવાર દ્વારા તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ પ્રકાશભાઈ બી. મહેતા (મામા) તરફથી જલારામ મંદિર ખાતે કાર્યક્રમ રાખેલ છે. મહેન્દ્રભાઈ રાઠોડ દ્વારા જણાવેલ છે.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના વાલીમંડળની બેઠક યોજાઈ

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગરના આચાર્યશ્રી, ધોરણ-૧૦ના વર્ગશિક્ષક તથા સુપરવાઈઝર, વાલીમંડળની કારોબારી સભ્યોની મિટીંગ યોજાઈ હતી. માધ્યમિક શિક્ષણ બોર્ડની પરિક્ષામાં વિદ્યાર્થીઓએ સ્વસ્થતાપૂર્વક, તણાવ મુક્ત વાતાવરણમાં તૈયારી કરે તેવું વાતાવરણ સર્જાય તે માટે, ઠંડીમાં છાત્રાઓનું આરોગ્ય જળવાય તેની સઘન ચર્ચા તથા અધ્યયન નિયમિત હાજરીની પણ ચર્ચા કરી હતી. કારોબારી સભ્યશ્રી નારણભાઈ વાઘેલા, હરિલાલ રાઠોડે સહકાર આપવા ખાત્રી આપી હતી. આચાર્યા સંતોકબેને આભાર વ્યક્ત કર્યો હતો.

સહયોગ મંડળના સભ્યોનું ૧૦ આંગણવાડીમાં સુખડી વિતરણ

ગાંધીનગર શહેરના સહયોગ મંડળના સભ્યો દ્વારા તાજેતરમાં કુપોષણ ધરાવતા ભૂલકાઓને પોષણયુક્ત સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકામાં આવેલા બાસણ, પાલજ, બોરીજ, ઈન્દ્રોડા, જી.ઈ.બી. વગેરેની ૧૦ આંગણવાડી કેન્દ્રોમાં ૩૫૦ અતિકુપોષિત કુપોષિત તેમજ સામાન્ય વર્ગના ભૂલકાઓને પૌષ્ટિક આહાર તરીકે સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં નટુભાઈ ત્રિવેદી, વૈદ્ય રમેશચંદ્ર તથા ભગુભાઈ પટેલ, જ્યોત્સનાબેન ગજ્જરે ભારે જહેમત ઉઠાવી હતી.

નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતના વિજેતા રમતવીરો

ગાંધીનગર, તા. ૫

૫૬મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપ હરિફાઈ દિલ્હી ખાતે યોજાયેલ હતી. જેમાં ગુજરાતના રમતવીરો વિજેતા બન્યા હતા. અમદાવાદના અતુલ બારોટ રેપીડ ફાયર પિસ્તોલ, તૃતીય નંબરે કાસ્યપંદક અમદાવાદના ઋષિરાજ બારોટ, રેપીડ ફાયર પિસ્તોલ ઈન્ટરનેશનલ ઈવેન્ટ જૂસિવીલિયન એન્ડ, તૃતીય કાસ્યચંદ્રક, આણંદના કુ. લજ્જા ગૌસ્વામી, સ્મોલ બોટ ફ્રી રાઈફલ ઝોન પોઝીશન ઈન્ટરનેશનલ તૃતીય કાસ્યચંદ્રક, વડોદરાના હિમાંશુ ગાંધી, સ્મોલ બોરડ સ્ટાન્ડર્ડ રાઈફલ પ્રોન નેશનલ એર પિસ્તોલ હેન્ડ કેવમેન ઈન્ડ, દ્વિતીય રજતચંદ્રક અમદાવાદ સ્નેહ પટેલ, એર પિસ્તોલ મેન સિવિલિયન રેલ્વે ટીમ, વિજેતા બનેલ છે. ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસીએશનનાં માનદ્‌મંત્રી નરેન્દ્રભાઈ ઓઝાએ જણાવેલ છે.

ચીખલી તાલુકામાં ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

ગજાનન સેવા સમિતિ દ્વારા ચીખલી તાલુકામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૪૩ શાળાના, ૫૫૬૨ વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરી દવા આપી હતી.

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ૧૫૦ નિશાળ તથા ૧૫,૦૦૦ બાળકોને આરોગ્ય ચકાસણીની યોજના હતી. જે વિસ્તારમાં આરોગ્ય અધિકારી ના હોય તે વિસ્તારની પ્રાથમિક શાળા અને પસંદ કરેલ હતી. ચીખલી તાલુકામાં હોન્ડ, તોરણવિસ, વેલણપુર, ટંકાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવરી લીધા હતા. યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા પ્રાયોજિત કાર્યક્રમમાં ગાંધીનગરના ડૉકટરોએ સેવા આપી હતી. મિલિંદ ગુપ્તે, વિલેશ મોરે, ગોપાલભાઈએ પાંચ દિવસ રહીને જહેમત ઉઠાવી હતી.

ચૌધરી બી.એડ. કોલેજની તાલીમાર્થિનીઓનું બ્લોક ટીચીંગ યોજાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની ચૌધરી બી.એડ. કોલેજની તાલીમાર્થિનીઓનું આલમપુરની શક્તિ વિદ્યાલય ખાતે બ્લોક ટીચીંગ તાજેતરમાં યોજાયું હતું. કોલેજની પ્રશિક્ષણાર્થી બહેનોએ બ્લોક ટીચીંગ દરમિયાન શાળામાં શૈક્ષણિક કામગીરી સંભાળી હતી અને નિયત શિક્ષણ કાર્યક્રમ સાથે છેલ્લા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

બ્લોક ટીચીંગ કાર્યક્રમની પૂર્ણાહુતિ રૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતની કલા, સંસ્કૃતિ, ભૂગોળનો પરિચયાત્મક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને શાળાના વિદ્યાર્થીઓએ નાટક, એકપાત્રીય અભિયન અને ગરબા જેવા કાર્યક્રમો કર્યા હતા. આ કાર્યક્રમને સફળ કરવા માટે પ્રશિક્ષણાર્થી બહેનોને કોલેજના અધ્યાપક કલ્યાણસિંહ ડાભીએ પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રાંતિજ તાલુકાની ઓરાણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

પ્રાંતિજ તાલુકાની શેઠ એમ. કે. ઓરાણ ગ્રુપ મા. શાળાના ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા સૌરાષ્ટ્ર દર્શનનો એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર-ખોડિયાર મંદિર, પાલીતાણા, શેત્રુંજો પર્વત-જૈન મંદિરો, બગદાણા-સીતારામ બાપા, દીવ દરિયા કિનારો, કિલ્લાની મુલાકાત, સોમનાથ-ત્રિવેણી સંગમ, ભગવાન સોમનાથનાં દર્શન, જૂનાગઢ સિંહદર્શન મ્યુઝિયમ, ઉપર કોટનો કિલ્લો, અડી-કડીની વાવ, રા નવઘણનો કૂવો, અનાજ ભરવાના ભંડારો, નીલમ ટોપ, મહેલનું બાંધકામ, ઝીરનારની તળેટીની, વીરપુર, જલારામ બાપાના દર્શન, ચોટીલા દર્શન વગેરે ધાર્મિક તથા ઐતિહાસિક સ્થળોની મુલાકાત દ્વારા જ્ઞાનવૃદ્ધિ થાય તે માટેનું પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે ઈશ્વરકૃપા પ્રાથમિક શાળામાં સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કલ્યાણપુરા ખાતે આવેલી ઈશ્વરકૃપા પ્રાથમિક શાળામાં આજે તા. ૬ જાન્યુઆરી ૨૦૧૩ને રવિવારે સવારે ૯ થી બપોરના ૧ કલાક સુધી સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે.

ગાંધીનગર જનરલ હોસ્પિટલ દ્વારા યોજાનાર સર્વ રોગ નિદાન કેમ્પમાં જનરલ હોસ્પિટલ, ગાંદીનગરના નિષ્ણાંત તબીબો નિઃશુલ્ક સેવા આપશે તથા હોસ્પિટલ તરફથી દવાઓ વિના મુલ્યે મળશે. સમગ્ર કેમ્પમાં સર્જન, ફિઝીશીયન, કાન, નાક ગળાનાં નિષ્ણાંત, આંખના નિષ્ણાંત, હાડકાના નિષ્ણાંત, ચામડીના નિષ્ણાંત, કસરતનાં નિષ્ણાંત તથા મેડિકલ ઓફિસર ખાસ ઉપસ્થિત રહેશે. સ્થળ પર ડાયાબિટીસની તપાસ, ઈસીજી અને મેમોગ્રાફી કરવામાં આવશે.

લિમ્બચ પરિવારનો સ્નેહમિલન કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના લિમ્બચ પરિવાર, સેકટર-૨નો આઠમો સ્નેહમિલન સમારંભ તથા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં સમાજના અગ્રણીઓ, સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કર્યા હતા.

લિમ્બચ પરિવારના સ્નેહ મિલન કાર્યક્રમમાં મનુભાઈ અંબાલાલ તથા નટવરભાઈ અંગાલાલ શર્મા, ચંદુભાઈ વાળંદ અને જ્યોત્સનાબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ ઈનામ તથા ભોજન દાતા બન્યા હતા. કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જે.પી. નાયી, ડૉ. એ.એસ. નાયી, નારણભાઈ વાળંદ, બચુભાઈ નાયી, સોમભાઈ લિંબાચીયા, મુકેશભાઈ લિમ્બચીયા, જયેશભાઈ તુવાર, રમેશભાઈ નાયી, એમ.એસ. વાળંદ, રમણલાલ વાળંદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

આજે માણસામાં ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ યોજાશે

વિબ્ધેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત આનંદીમાંનો વડલો અને માં પાલઈ વિબ્ધેશ્વરી ધામ માણસા ખાતે આજે તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ યોજાશે. માણસા ખાતે ચામડીના રોગનો નિદાન અને સારવાર નાં સળંગ ચાલીસમાં કેમ્પમાં ગાંધીનગરના ચામડી, ગુપ્તરોગો, રકતપિત્તો, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ બી. પટેલ માનદ સેવા આપશે. સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે આનંદીમાંનો વડલો, વાન પ્રસ્થાશ્રમ, માણસા-મકાખાડ રોડ, મલાવ તળાવ પાસે, માણસા ખાતે કેમ્પનો લાભ લેવા ખાસ જણાવ્યું છે.

સમૂહ લગ્ન : ગરીબાઇ-શ્રીમંતાઇના ભેદ મીટાવતું એક ક્રાંતિકારી અભિયાન

વિચાર મંચ
- પોપટલાલ એસ પ્રજાપતિ

લગ્ન ગાળાની મોસમ પુરબહારમાં ખીલી છે. ગર્ભશ્રીમંત અને સમૃધ્ધ પરિવારોના આંપણે કે પાર્ટીપ્લોટમાં થતાં લગ્નોની ઝાકળઝોળથી ગરીબ વર્ગ અંજાઇ જાય છે તો મધ્યમવર્ગીય લગ્નોમાં તમાચો મારીને ગાલ લાલ રાખવાની કોશિશ કરે છે. પણ જેમનાં નસીબ આડે પાંદડુ હોય તેવા કમનસીબ પરિવારોની દીકરીઓ પણ હસતે મુખે પ્રભુતાનાં પગલાં પાડી પોતાનાં દાંપત્યજીવનનો પ્રારંભ કરી શકે તે માટે સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ સમુહલગ્નના આયોજનો કરે છે જેમાં સમાજના મધ્યમવર્ગ તેમજ આર્થિક નબળા પરિવારો જોડાઇ પોતાના દીકરા કે દીકરીના લગ્નને ગૌરવવંતુ બનાવવા પ્રયત્ન કરે છે. જ્યાં પણ સમૂહ લગ્નના આયોજન થાય ત્યાં ઉદારદિલ દાતાઓ મન મૂકીને કન્યાદાનમાં કરિયાવર આપે છે અને દીકરીઓના આશિર્વાદ મેળવે છે. હિન્દુ ધર્મ અનુસાર ભગવાન મનુ અને શત્રુપાના સમયથી લગ્ન એક સામાજિક સંસ્થા તરીકે વિકસી હતી. પ્રાગ ઐતિહાસિક કાળથી આજદિન સુધીમાં ગાંધર્વ વિવાહ, રજીસ્ટ્રર મેરેજ, એરેન્જ મેરેજ, આર્ય સમાજ દ્વારા લગ્ન અને સમૂહલગ્ન આ બધા લગ્નના પ્રકારો છે. સમૂહ લગ્ન એ સામાજિક સુધારણા માટેનું ઐતિહાસિક કદમ છે.

સામાજિક એકતા માટેનો ક્રાંતિકારી વિચાર છે તેમાં ગરીબ, મધ્યમવર્ગ કે, તવંગરના ભેદ નામશેષ થાય છે. તદ્દન ગરીબ કન્યાને પણ તેના દારિદ્રનો અહેસાસ થતો નથી. સૌ એક જ માંડવે, એક જ વિધિ અનુસાર અને એક જ પ્રકારની ભેટ સોગાદો મેળવી સમાન ધોરણે પ્રભુતામાં પગલાં પાડે છે. સમયની માંગ પ્રમાણે કેટલાક સમાજોમાં સમુહલગ્ન ફરજિયાત કરાયા છે. સુખડીયા સમાજ તેમાં મોખરે છે.

સમાજનો કરોડપતિ દીકરો પણ સમુહલગ્નમાં જ પરણે છે જેથી સમાજમાં એકતાનો અદ્‌ભૂત માહોલ સર્જાય છે. કેટલાક સમાજોમાં ઉદારદીલ દાતાઓ આખા સમુહલગ્નનો ખર્ચ પોતે ભોગવી કન્યાદાનનું પુણ્ય કમાય છે. દીકીરઓને મન ભરીને કરીયાવર પણ આપે છે. કેટલાક સમાજના આગેવાનો સમાજમાં દાખલો બેસાડવા પોતાના પાલ્યને સમૂહમાં પરણાવે છે. ગુજરાત રાજયના એક વખત ઉદ્યોગમંત્રી તથા વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી શશિકાન્ત લાખાણીએ સમાજમાં દાખલો બેસાડવા માટે પોતાના બંને દીકરા ભાવેશ અને યોગેશના લગ્નો પોતાના સમાજ આયોજીત સમૂહલગ્નમાં કરેલા. આ નિયમને બધા અનુસરે તો સમાજમાં સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થતો અટકાવી શકાય અને સમાજનું આર્થિક પાસુ મજબૂત બને. ઠાકોર સમાજમાં એક સમયે ૧૦૦૦ નવદંપતીઓના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ અને આ તમામ ખર્ચ આપનાર પણ એક જ દાતા હતા.

બે વર્ષ પહેલાં વસ્ત્રાપુર ખાતે પ્રજાપતિ સમાજના ૬૫૧ નવદંપતીઓ એક જ માંડવે લગ્નગ્રંથિમાં જોડાયા હતા. આગામી ૧૪ ફેબ્રુઆરીએ વેલેન્ટાઇન ડે ના દિવસે બહુચરાજી (વાલેવડા) ખાતે ચોઠ જોગણી યોગિનિ શક્તિપીટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે જે આ વિસ્તારમાં અંતરિયાળ ગામો માટે આશીર્વાદરૂપ બની રહેશે. ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઇ પ્રજાપતિના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં પ્રથમવાર સર્વજ્ઞાતિનું સમૂહલગ્ન યોજાતું હોઇ દરેક સમાજના દાતાઓ તરફથી દાનનો પ્રવાહ શરૂ થઇ ગયો છે. ગરીબી રેખાથી નીચે જીવતા ઘણા પરિવારો આ સમૂહલગ્નમાં જોડાઇ રહ્યા છે. પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ વિશિષ્ઠ રીતે સમૂહલગ્નનું આયોજન કરે છે. તે દાતાઓ કરતાં લોકફાળાને વધુ મહત્ત્વ આપે છે. સમાજના પ્રત્યેક ઘરેથી યતાશક્તિ ફાળો ઉઘરાવી સમૂહલગ્નની રકમ એકઠી કરાય છે અને તેમાં આખો સમાજ જોડાય છે. આને સાચા અર્થમાં સમૂહલગ્ન કહી શકાય.

સાબરમતીમાં ગોવિંદભાઇ મુળચંદદાસ નામે એક દાતા એવા છે જે કોઇ પણ સમાજના સમૂહલગ્ન હોય તેમાં દીકરીઓને પાનેતર પોતાના તરફથી આપે છે. સેકટર-૨૮માં આવેલ બહેરા મુંગાની શાળામાં સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ ત્યાં ભણેલ વિદ્યાર્થીઓ માટે સમૂહલગ્નનું આયોજન કરેલ તેમાં જે તે ધર્મના યુગલોને પોતાના ધર્મ પ્રમાણેની વિધિ અનુસાર લગ્ન કરાવેલ. ગાંધીનગરમાં રાજપૂત સમાજ પણ છેલ્લા ૧૫ વર્ષથી સમૂહલગ્નના આયોજન કરે છે જેમાં પ્રારંભ કેશરીસિંહ બિહોલા દ્વારા કરાયેલ. તેમણે પોતાની દીકરીના લગ્ન પણ સમૂહલગ્નમાં કરી સૌને પ્રેરણારૂપ દાખલો બેસાડ્યો હતો.

સમૂહ લગ્નમાં વિધિ બાદ કન્યા વિદાયનો પ્રસંગ આવે ત્યારે આખા લગ્નમંડપમાં જાણે કરૂણાનો મહાસાગર હિલોળે ચઢે છે. એક સાથે ૫૦, ૧૦૦ કે ૨૦૦ કન્યાઓ વિદાય લે અને આખો સમાજ તેને આશીર્વાદ પાઠવે આ દૃશ્ય જોવું એક અનેરો લ્હાવો હોય છે. ગમે તેવા કઠણ કાળજાનો માનવી પણ ઘડીભર લાગણી ભીનો થઇ જાય તેવો માહોલ રચાય છે. સરકાર તરફથી પણ સમૂહલગ્નને પ્રોત્સાહિત કરવા માટે કુંવરબાઇનું મામેરૂં કે સાતફેરા સમૂહલગ્નના જેવી યોજનાઓ જાહેર કરાય છે. સમૂહલગ્નમાં યુવક/યુવતીની વય મર્યાદા ૨૧ અને ૧૮ વર્ષ ફરજિયાત હોવાથી સમાજમાં બાળ લગ્નો અટકે છે. આવા લગ્નોમાં સમાજ સાક્ષી હોવાથી દાંપત્યજીવનમાં પ્રશ્નો બહુ ઊભા થતા નથી અને થાય તો સમાજ દ્વારા તેનો ઉકેલ શોધાય છે. સમાજનું માળખું જળવાઇ રહે છે.

ગરીબાઇને ગૌરવ મળે છે. મધ્યમવર્ગના વહેવાર સચવાઇ રહે છે અને શ્રીમંતાઇના કદમ ધરતી સાથે જળવાયેલા રહે છે. દરેક સમાજના આગેવાનો અને શ્રીમંતો સમાજના વિશાળ હિતને ધ્યાનમાં રાખી અહમ્‌ને વેગળો મુકી પોતાના દીકરા કે દીકરીને ફરજિયાત સમૂહલગ્નમાં પરણાવે તો સમાજની આર્થિક તાકાત મજબૂત બને અને પોતાના બાળકોનાં શિક્ષણ પાછળ આ ખર્ચ કરી શકે. સમૂહલગ્ન એ વર્તમાન સમયની માંગ છે. આ માંગને બધા સમાજ અનુસરે તો મોટા ભાગના સામાજિક પ્રશ્નો હળવા બને...

સમૂહલગ્ન એ વર્તમાન સમયની માંગ છે. આ માંગને બધા સમાજ અનુસરે તો મોટા ભાગના સામાજિક પ્રશ્નો હળવા બને...

સ્કાઉટ ગાઇડ રેલીમાં ચૌધરી સ્કૂલ ચેમ્પિયન બની

ગાંધીનગર, તા. ૫

તાલીમ અને વનસંશોધન સંકુલ બોરીજ ખાતે સ્કાઉટ ગાઇડ જિલ્લા રેલી યોજાઈ હતી. જેમાં જે.એલ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગરની ૨૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં છાવણ નિર્માણ, સજાવટ અને કેમ્પ ફાયરમાં શાળાની ટીમ તૃતીય નંબરે આવી હતી. પ્રજાપતિ પ્રિયંકાબેન પી. વિજેતા બન્યા હતા. અવલોકન સ્પર્ધામાં પંડ્યા ચક્ષુ એમ., ચિત્ર સ્પર્ધામાં માનસી વાઘેલા પ્રથમ આવેલ છે. જિલ્લા ગાઇડ વિભાગ ચેમ્પિયનશીપ મેળવીને શિલ્ડ મેળવેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ ગાઇડર હેતલબેન દેસાઇને અભિનંદન પાઠવ્યા હતા.